PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

| | |
|---|---|
| પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/કવા–૦૩/૧૭–૧૮/ 3390(११) | તા. 02-05-18 |

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સલોન સીરામીકસ પ્રા. લી.,
જુના ઘુંટુ રોડ,
મોરબી –૩૬૩ ૬૪૨
મો: ૦૨૮૨૨ – ૨૪૨૧૧૫

**વિષય :–રાત્રીના યુનીટ રીબેટ આપવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૧/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


કેસ નં. : સીજીઆરએફ : ૫૧/કવા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૦–૦૪–૧૮ સ્થળ : મોરબી

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સલોન સીરામીક્સ પ્રા. લી., ગામ: મોરબી**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :આર.પી. ભટ્ટ – નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : રાત્રીના યુનીટ રીબેટ આપવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના સલોન સીરામીક્સ પ્રા. લી., ગામ:મોરબી ખાતેના એચ.ટી. ગ્રાહક નં.: ૨૬૧૦૬ થી ૬૦૦ કેવીએ નુ વીજ જોડાણ ધરાવે છે. તેઓની રજુઆત અન્વયે – રાત્રી યુનીટ ના વળતર ના માહે સપ્ટેમ્બર–૨૦૧૦ થી માહે જુન–૨૦૧૨ સુધીનુ વળતર જુલાઈ–૨૦૧૭ ના બીલ મા આપેલ હતુ. પરંતુ, તેઓનુ વીજ જોડાણ ચાલુ કર્યા તા. ૦૮–૦૬–૦૪ થી માહે ઓગષ્ટ–૨૦૧૦ સુધીનુ – ટેરીફ ઓર્ડર મુજબ – રાત્રી ના યુનીટ ના વળતર આપેલ નથી. વધુમા – વિદ્યુત લોકપાલ અમદાવાદ દ્વારા – કેઈસ નં.: ૧૨૮ /૨૦૧૭ મુજબ – સદભાવ સીરામીક્સ નેરાત્રી ના યુનીટ ના વીજ વપરાશી યુનીટ નુ વળતર કનેકશન રીલીઝ કર્યા થી અપાયેલ છે. જે મુજબ – નિયમાધીન રીતે રાત્રી યુનીટ નુ વળતર મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | અરજદાર ના પ્રતિનીધી દ્વારા – ફોરમ કમિટી ની તા.૧૦–૦૪–૧૮ ની મીટીગ મા રૂબરૂ કરાયેલ રજુઆત મુજબ સદભાવ સીરામીક્સ ના કેઈસ મા – વિદ્યુત લોકપાલ અમદાવાદ શ્રી દ્વારા અપાયેલ ચુકાદા મુજબ – સદર કેઈસ મા – ડેઈટ ઓફ રીલીઝ થી નાઈટ ટેરીફ નુ વળતર મળવુ જોઈએ. જો પીજીવીસીએલ પાસે ડેટા પ્રાપ્ય ન હોય તો – અરજદાર પાસે ડેઈટ ઓફ રીલીઝ થી ડેટા પ્રાપ્ય છે, તેમ અરજદાર દ્વારા જણાવી અને રૂબરૂ મા કેટલીક વર્ષ વાઇઝ નકલો – ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવેલ છે. જે વર્ષ વાઇઝ નકલો ના આધારે વળતર મેળવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૩ | અરજદાર ની અરજી તા.૨૧–૦૩–૧૭ અને તા.૦૩–૦૩–૧૮ ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા પત્ર તા.૦૪–૦૪–૧૮ થી અપાયેલ પ્રત્યુતર મુજબ – અરજદાર નો વીજવપરાશ અંગે નો માહે માહે સપ્ટેમ્બર–૨૦૧૦ થી માહે જુન–૧૨ ડેટા ઉપલબ્ધ હોય – તે મુજબ નાઈટ રીબેટ ચુકવી અપાયેલ – પરંતુ, વીજ જોડાણ ચાલુ થયા તા.૦૮–૦૬–૦૪ થી માહે ઓગષ્ટ–૨૦૧૦ સુધી નુ નાઈટ રીબેટ અપાયેલ નથી. જેથી, સદર બાબતે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦(iii) લાગુ પાડી શકાય નહી. |
| ૧.૪ | અરજદાર ની લેખીત રજુઆત તા.૧૦–૦૪–૧૮ મુજબ – પીજીવીસીએલ – સીજીઆરએફ – રાજકોટ ના હુકમ નંબર: ૧૪/કવા–૦૪/૧૬–૧૭ તા.૨૬–૦૪–૧૬ – મે. વિકાસ જીનીગ અને પ્રેસીગ મા જણાવ્યા મુજબ – " ૦૨ વર્ષ પહેલાની ભુલ સુધારણા ના ભાગરૂપ જ પીજીવીસીએલ તરફથી, અગાઉ ના સમયગાળા ની રકમ ની વસુલાત અન્વયે ના સદર ૦૨ પુરવણી બીલો, અરજદાર શ્રી ને અપાયેલ છે. તે વસુલાત ની રકમ, જે પ્રવર્તમાન એવા LIMITATION ACT-1963 ના (Chapter -17 Section -17- i.e. Fraud and Mistake ) હેઠળ ના CLAUSE NO. : 17 (1) મા કરાયેલ જોગવાઈ અંતર્ગત ની જ વસુલાત હોય, જે યોગ્ય છે " જેથી, સદર બાબતે – નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦(iii) લાગુ પાડી શકાય નહી. |

| | |
|---|---|
| ૧.૫ | અરજદાર ની લેખીત રજુઆત તા.૧૦–૦૪–૧૮ મુજબ – જે ગ્રાહકો ને ૫૦૦ કેવીએ ઉપર નુ જોડાણ હોય – તેમને જ નાઈટ રીબેટ નો લાભ આપવામા આવતો જ હતો. જે ગ્રાહક નુ વીજ જોડાણ ૫૦૦ કેવીએ થી ઓછુ હોય – તેઓને જો સદર નાઈટ રીબેટ નો લાભ મેળવવા માટે અરજી કરે તો જ લાભ આપવામા આવતો હતો. જે બાબત ટેરીફ ને અનુસંધાને – અયોગ્ય છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ. તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે –સલોન સીરામીકસ પ્રા. લી., ગામ:મોરબી ખાતેના એચ.ટી. ગ્રાહક નં.: ૨૬૧૦૬ થી ૪૭૫ કેવીએનુ વીજ જોડાણ તા. ૦૮–૦૬–૦૪ ના રીલીઝ કરાયેલ છે.<br>• (૨) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની રજુઆત અન્વયે – વિદ્યુત લોકપાલ અમદાવાદ ના ચુકાદા ના કેઈસ નં.: ૧૨૮ /૨૦૧૭ ના સદભાવ સીરામીકસ ના ચુકાદા ના પારા નં–૧૦ મા સ્પષ્ટ સુચના આપવામા આવેલ છે કે – પીજીવીસીએલ કંપની પાસે જેટલા સમય ના ગ્રાહક ના ડેટા ઉપલબ્ધ હોય – તે પ્રમાણે નાઈટ ટેરીફ ચુકવી આપવુ, તે મુજબ – પીજીવીસીએલ ની સબંધક કચેરી પાસે માહે સપ્ટેમ્બર–૨૦૧૦ થી ડેટા ઉપલબ્ધ હોય, તે મુજબ નાઈટ રીબેટ રૂ.૨૮,૬૮૫/૧૮ માહે જુલાઈ–૨૦૧૭ ના વીજબીલ મા અરજદાર ને ચુકવાયેલ છે. ત્યારબાદ, ગ્રાહકે વીજભાર વધારો કરતા – તેઓને નાઈટ રીબેટ નો લાભ રેગ્યુલર આપવામા આવે છે. જયારે તા.૦૮–૦૬–૦૪ થી માહે ઓગષ્ટ –૧૦ સુધીનુ વળતર બાબતે – વીજ ગ્રાહકે અગાઉ કયારેય નાઈટ ટેરીફ અંગે ની માંગણી કરેલ નથી. તેમજ, સદર સમયગાળા નો ડેટા પીજીવીસીએલ ની સબંધક કચેરી એ ઉપલબ્ધ નથી.<br>• (૩) જે ગ્રાહકો ના વીજ જોડાણ નો કરારીત વીજભાર ૫૦૦ કેવીએ ઉપર હોય તેઓને નાઈટ રીબેટ નો લાભ આપવામા આવતો જ હતો. અને જે વીજ ગ્રાહકો ૫૦૦ કેવીએ થી નીચેના વીજભાર નુ જોડાણ ધરાવતા હોય – તેવા ગ્રાહકો ને – તેઓ અરજી કરે તો જ લાભ આપવામા આવતો હતો.<br>• (૪) નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦(iii)મા કરાયેલ જોગવાઈ મુજબ – ફરીયાદ નુ કારણ ઉભુ થાય – તે તારીખ થી ૦૨ વર્ષ પછી નોંધણી કરાય – તો તેવા કિસ્સામા ફોરમે કઈ જ કરવાનુ રહેતુ નથી, જેથી સદર કેઈસ મા, અરજદાર ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ તથા ૧.૨ મુજબ ની વિગતે ની રજુઆત અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, મે. સલોન સીરામીકસ પ્રા. લી. નામનુ એચ.ટી. ગ્રાહક નં.: ૨૬૧૦૬ – ૪૭૫ કેવીએ મુજબ નુ વીજજોડાણ તા. ૦૮–૦૬–૦૪ ના રીલીઝ કરાયેલ છે.<br>• (૨) અરજદાર ને રાત્રી વીજવપરાશ મુજબ ના રીફંડ મેળવવા માટેની અરજી તા.૨૧–૦૩–૧૭ અને તા.૩૧–૦૭–૧૭ અને તા.૦૩–૦૩–૧૮ અનુસંધાને – પીજીવીસીએલ ની સબંધક વિભાગીય કચેરી મોરબી ના પત્ર તા.૦૪–૦૪–૧૮ મુજબ – સદર પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ઉપલબ્ધ ડેટા – જે |

| | |
|---|---|
| | સમયગાળા ના મોજુદ હતા – તે સમયગાળા પ્રમાણે માહે સપ્ટેમ્બર–૨૦૧૦ થી માહે જુન–૨૦૧૨ સુધીના વીજબીલ માં – થયેલ રાત્રી વીજવપરાશી યુનીટ ના મળવા પાત્ર વળતર રૂ.૨૮,૬૮૫/૧૮ માહે જુલાઈ–૧૭ ના વીજબીલ મા અપાયેલ છે.<br>• (૩) અરજદાર ના જણાવ્યા મુજબ – તેઓ દ્વારા જે તે વર્ષ ને સંલગ્ન હોય તે મુજબ ની કુલ ૦૮ અલગ – અલગ સમયગાળા ની રીડીંગ શીટ ની ઝેરોક્ષ નકલો – જે ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ સુનાવણી વખતે રજુ કરાયેલ છે. પરંતુ, અરજદાર દ્વારા રજુ કરાયેલ – જે તે વર્ષ ને વર્ષ ને સંલગ્ન હોય તે મુજબ ની એક પણ શીટ પીજીવીસીએલ પાસે રેકર્ડ મા ઉપલબ્ધ ન હોવાથી ફોરમ કમિટી કક્ષાએથી – અરજદાર દ્વારા રજુ કરાયેલ કોઈપણ શીટ ની સંપુર્ણપણે ખરાઈ કરી શકાય તેમ નથી. જેથી, અરજદાર દ્વારા ( માત્ર એક જ પક્ષકાર દ્વારા ) જે પણ ડેટા વર્ષો પછી રજુ કરવામા આવે તેના આધારે – અરજદાર પક્ષકાર ને કોઈપણ પ્રકારનુ વળતર આપવાનો આદેશ – ફોરમ કમિટી દ્વારા આપી ન શકાય.<br>• (૪) અરજદાર દ્વારા રજુ કરાયેલા – મે. વિકાસ જીનીગ અને પ્રેસીગ ના – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ નંબર મા ઉલ્લેખ કરાયેલ LIMITATION ACT-1963 (Chapter -17 Section -17- i.e. Fraud and Mistake ) હેઠળ ના CLAUSE NO. : 17 (1) નો સદર કેઈસ મા લાગુ પાડી શકાય નહી, કારણકે – જે તે વખતનો પીજીવીસીએલ દ્વારા જે બીલ અપાયેલ હતુ, ત્યારબાદ – માત્ર બીલ ની ગણતરી ની ભુલ ઓડિટટીમ ના ધ્યાને આવતા બીલ અપાયેલ હતુ. તેમજ – જે તે વખત નો પીજીવીસીએલ પાસે ડેટા ઉપલબ્ધ પણ હતો.<br>• (૫) વધુમા – સદર કેઈસ મા, અરજદાર ની માંગણી મુજબ વીજ જોડાણ રીલીઝ થયા થી – એટલેકે તા.૦૮–૦૬–૦૪ થી માહે ઓગષ્ટ –૨૦૧૦ સુધીનુ નાઈટ ટેરીફ રીબેટ મેળવવા માટે ની માંગણી હોય તેમજ વખતો વખત રજુ થતા – જાહેરનામા અને વિનીયમો ની ગ્રાહક પક્ષકારે પણ અભ્યાસ મા લેવાની બાબત – અરજદાર ની નૈતિક ફરજ નો ભાગ હોય છે, તેમજ ગ્રાહક પક્ષકાર દ્વારા – તેઓની માંગણી બાબતે – કોઈ જ રજુઆત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં.–(૧) મુજબ ની વિગતે – વર્ષો સુધી કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જેથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦(iii) મુજબ ની વિગતે પણ અત્રે ના ફોરમે કંઈ કરવાનુ રહેતુ નથી. તે મુજબ નો સદર કેઈસમાં ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં.–(૩), (૪) અને (૫) મુજબ ની વિગતે – અરજદાર ની અરજી પરત્વે અત્રેના ફોરમ કક્ષાએથી કંઈ કરવાનુ રહેતુ ન હોવાના કારણોસર – અરજદાર ની સદર અરજી –ફોરમ કક્ષાએથી દફતરે કરવામા આવે છે. જે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.